# શૌન્ના બુર્કઃ જેનું નામ, ચોથા સ્ટેજના કેન્સર સાથે એવરેસ્ટ સર કર્યું

કબીરા ખડા બજાર મેં
**વિન્સી મરચન્ટ**

પચાસ વરસનાં અંગ્રેજ મહિલા શૌન્ના બુર્ક જીવનમાં એ એક વખત એવરેસ્ટ સર કરી ચૂક્યાં હતાં. ત્યારબાદ એમને બ્રેસ્ટ કેન્સર લાગુ પડ્યું. કેન્સર ચોથા સ્ટેજમાં પ્રવેશી ચૂક્યું હતું. ફેફસાં, લીવર અને કીડની સુધી ફેલાઈ ચૂક્યું હતું. આવી સ્થિતિમાં દર્દીની શારીરિક અને માનસિક શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થાય. વજન ઘટી જાય અને જીવનમાં કોઈ કાર્યમાં કે રાગમાં રસ ન પડે.

પરંતુ શૌન્ના એટલે એક વ્યક્તિત્વ. એણે કુદરત સામે હાર ન માની. નક્કી કર્યું કે ચોથા સ્ટેજનાં કેન્સર સાથે એ બીજી વખત એવરેસ્ટ સર કરશે. એક એવું બીડું ઝડપ્યું જે યુવાન અને તંદુરસ્ત લોકો પણ ઝડપતા ડરે છે. ગઈ ૨૩ મેના રોજ માઈનસ ત્રીસ ડિગ્રી ઠંડીમાં એ છવ્વીસ હજાર ફીટ ઊંચે આવેલાં એવરેસ્ટ શિખર સર કરીને ત્યાં તંબુ રોપીને એક રાત રોકાયાં પણ ખરાં. એ વખતે એમના કેન્સરે પણ ચોથું સ્ટેજ સર કર્યું હતું.

ચોથા સ્ટેજના દર્દીઓને તબીબો ઘરે રહીને આરામ કરવાની ભલામણ કરતાં હોય છે. આ સિવાય બીજા કોઈપણ પ્રકારની સારવાર લગભગ શક્ય રહી હોતી નથી. ખાસ



કરીને મેટાસ્ટેસાઈઝ્ડ કેન્સરમાં. કેન્સરના કોષો જ્યાં કેન્સર થયું હોય તે મૂળભાગમાંથી નીકળીને લોહી તેમજ લસિકા પ્રવાહીના રૂપમાં શરીરમાં કોઈ દૂરના કે બીજા ભાગોમાં પહોંચે, ત્યાં નવાં ટ્યુમર (ગાંઠ) બનાવે તેને મેટાસ્ટેસાઈઝ થયેલું ચોથા તબક્કાનું અસાધ્ય કેન્સર ગણવામાં આવે છે. શૌન્ના બુર્ક આ ગઈ ૨૩મી મેના રોજ વહેલી સવારના ત્રણ વાગ્યે એવરેસ્ટ પર પહોંચી અને કેન્સરના અંતિમ તબક્કામાં એવરેસ્ટ સર કરનારી જગતની પ્રથમ વ્યક્તિ અને પ્રથમ સ્ત્રી બની. આ આત્મબળ એવરેસ્ટથી પણ ખૂબ ઊંચું ગણાય. ચોથા ક્રમના કેમ્પ પર પહોંચ્યા બાદ સાડા છ કલાકનું સતત ચઢાણ ચડીને એ શિખર પર પહોંચી હતી.

જીવનમાં એવરેસ્ટ પરની આ એની ત્રીજી ચડાઈ હતી. બુર્ક કહે છે કે, 'હું એ જોવા માગતી હતી કે શિખર પર પહોંચવા માટે જે શરીરબળ અને જે માનસિક બળની જરૂર પડે છે તે મારામાં છે કે નહીં? ત્રણમાંથી બે વખત એ સૌથી ટોચના શિખર પર પહોંચવામાં સફળ રહ્યાં, જ્યારે એક વખત એવરેસ્ટ પહાડ સુધી પહોંચી શક્યાં હતાં.

શૌન્ના બુર્કની જીવનની કારકિર્દી પણ એવી હતી જાણે તેને આ પ્રકારનાં સંશોધન સાહસોની પ્રેરણા આપી. કસરત અને વ્યાયામ કેન્સરના દર્દીઓ માટે કેટલાં લાભદાયી નીવડે છે તેનાં સંશોધનો કરવા તે બુર્કની એકેડેમીક કારકિર્દી રહી છે.

બ્રિટન અને કેનેડા બંને દેશોનું નાગરિકત્વ ધરાવતાં બુર્ક પ્રથમ વખત ૩૦ મે ૨૦૦૫ના દિવસે એવરેસ્ટ પર ચઢ્યાં હતાં. કેનેડાની મેકગિલ યુનિવર્સિટીમાં કારકિર્દીનાં મોટાં ભાગનાં વરસો એમણે ગાળ્યાં છે. પોતાને જ કેન્સર થયું અને એમણે પોતાની જાત પર જ આ છેલ્લો પ્રયોગ સંશોધનો માટે કર્યો છે. એમને જે અનુભવો થયાં અને હજુ તેનાં જે પરિણામો મળશે તેને બુર્ક પોતાનાં સંશોધનોમાં સમાવશે. એ કહે છે કે એવરેસ્ટ પર ચડીને એ જોઈ શકાય કે આરોહકો વિપદ અને વિકરાળ પરિસ્થિતિનો માનસિક રીતે કેમ સામનો કેવી રીતે કરી શકે? અને ત્યારે ખાસ જ્યારે એ અસાધ્ય બીમારીથી પીડાતા હોય! શિખર ચડવાનો બુર્કને ૨૧ વરસ જૂનો અનુભવ હતો એ તેણે કામે લગાડ્યો. હાલમાં બુર્ક, યુનિવર્સિટી ઓફ લીડ્સ્ ખાતે કેન્સર સંબંધમાં દર્દીઓના મનોબળ અને માનસિક આરોગ્ય પર પણ સંશોધનો કરી રહ્યાં છે. એ ત્યાં એસોસીએટ પ્રોફેસર છે. એમણે એ આશા સાથે આરોહણનું સાહસ સ્વીકાર્યું કે એમને જે જ્ઞાન અને અનુભવ મળશે તે અન્ય દર્દીઓ માટે ઉપયોગી બનશે. સ્તન, ફેફસાં અને પેટ તેમજ આંતરડાંના

**જે દર્દીઓ વ્યાયામ કરવાનું સ્વીકારે છે તેઓને હોસ્પિટલમાંથી વહેલી રજા મળે છે તે અનુભવો અને સંશોધનોથી સાબિત થયું છે**

કેન્સરોમાં દર્દી પ્રવૃત્ત રહી શકે તે દિશામાં કામ અને વ્યાયામ કેટલી હદે ઉપયોગી બની શકે છે તે અભ્યાસ અને સંશોધનો પાછળ એ લીડ્સ્ યુનિવર્સિટીમાં લાગેલાં છે. એમના કહેવા પ્રમાણે વ્યાયામ દ્વારા મહત્ત્વનાં ફાયદા થાય છે. આજથી દસ-પંદર વરસ અગાઉ તબીબો દર્દીઓને આરામ કરવાની સલાહ આપતા હતા, જ્યારે આજે દર્દીઓને હરવા ફરવાની અને હળવો વ્યાયામ કરવાની સલાહ આપાય છે. જે દર્દીઓ વ્યાયામ કરવાનું સ્વીકારે છે તેઓને હોસ્પિટલમાંથી વહેલી રજા મળે છે તે અનુભવો અને સંશોધનોથી સાબિત થયું છે. આ ઉપરાંત જીવન-શૈલી સુધરે છે અને ઔષધો કે બીમારીની કોઈ જટિલતા (કોમ્પ્લિકેશન્સ) ઊભી થતી નથી.

માર્ચ ૨૦૨૪માં બુર્કના સ્તનમાં ગાંઠ જણાઈ ત્યારે ડોક્ટરોએ કહ્યું કે કેન્સર બીજા સ્ટેજમાં છે. થોડા વધુ સ્કેનીંગ બાદ જણાયું કે તે ચોથા તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. તે લીવર સુધી પ્રસરી ગયું હતું. બુર્કએ પાંચ મહીના સુધી કીમોથેરપી લીધી. ત્યારબાદ સર્જરીથી બંને સ્તન દૂર કરાવ્યાં અને જ્યાં જ્યાં કેન્સરની અસર જણાઈ તે અંગ (લીમ્ફ નોડ) પણ દૂર કરાવ્યાં. ત્યારબાદ ત્રણ સપ્તાહની રેડીઓથેરપી લીધી. ત્યારબાદ વધુ તપાસમાં જણાયું કે બુર્કનાં શરીરમાં બીઆરસીએ ટૂ પ્રકારના જીન છે જે સ્તન અને ગર્ભાશયનું કેન્સરનું જોખમ વધારે છે. આ કારણથી બુર્કએ ગર્ભાશય અને અંડાશયની નળી વગેરે પણ શરીરમાંથી કઢાવી નાખ્યાં.

આટલી થકવી નાખે, હતોત્સાહ કરી મૂકે એવી વ્યાધિઓ અને એવી સારવારો છતાં ગયા વરસના મે મહીનામાં શૌન્ના બુર્ક યુકેથી નેપાળ પહોંચ્યા અને એવરેસ્ટની તળેટીમાં દર વરસે યોજાતી એવરેસ્ટ મૅરેથોન દોડ્યાં જેમાં કુલ ૬૩૧૨ (છ હજાર ત્રણસો બાર) ફીટની ચડાઈ ચડ્યાં અને એટલી જ ઊતર્યા. એક વખત મૅરેથોન પૂરી કર્યા બાદ એમની શ્રદ્ધા વધી કે હવે એવરેસ્ટ આરોહણ થઈ શકશે.

ગયા ડિસેમ્બરમાં સ્પોર્ટ્સ વિજ્ઞાની બાર્ની વેઈનરાઈટ અને કાર્ડિયોથોરાસિક એનેસ્થેટિસ્ટ તેમજ ઊંચાઈ (પર્વતો) પરની દવાના નિષ્ણાત પેટ્રીસિઆ જોનેઝકોએ બુર્કના શરીર અને આરોગ્યની બે કલાક સુધી એમને અલ્ટીટ્યુડ ચેમ્બર (પર્વતની ઊંચાઈ પર હોય એવું વાતાવરણ ધરાવતો પ્રયોગશાળામાં કમરો' માં રાખીને વિવિધ તપાસ કરી. આ કમરામાં છ હજાર મીટરની ઊંચાઈ પર બાર સપ્તાહ સુધી જે જે પ્રકારનું તાપમાન, હવામાનનું દબાણ, ઓક્સિજનની સ્થિતિ વગેરે કૃત્રિમ રીતે પેદા કરવામાં આવી હતી.

બુર્કના લોહીમાં સ્ટાન્ડર્ડ લાલ રક્તકણોનું પ્રમાણ નોર્મલ હતું. પરંતુ લાલ કણોની હેમોગ્લોબીનનું વહન કરવાની ક્ષમતા ઘટી ગઈ હતી. આ હેમોગ્લોબીન શરીરને પ્રાણવાયુ પહોંચાડે છે. પર્વતારોહક માટે આ યંત્રણા પૂરી સંપૂર્ણ સક્ષમ હોવી જોઈએ. પરંતુ કીમોથેરપીની અસરને કારણે તે ઘટી ચૂકી હતી. પરંતુ આ અલ્ટીટ્યુડ ચેમ્બર બીજી રીતે મદદગાર પુરવાર થઈ. હેમોગ્લોબીનની ગુણવત્તા સુધારવી જરૂરી હતી. તે માટે નિષ્ણાતોએ બુર્કને ચેમ્બરમાં જ શ્રમ અને વ્યાયામની તાલીમ આપવાનું નક્કી કર્યું. નબળા હેમોગ્લોબીન સાથે ઓક્સિજન શરીરને કેટલું મળે છે અને શરીર તે સામે ઝીંક ઝીલી શકે છે તે નક્કી કરી શકાય. અને વ્યાયામ વડે એવરેસ્ટ ચઢવાની તાલીમ પણ મેળવી શકાય. શક્ય હતું કે એ રીતે લાલ કોષોની ગુણવત્તા પણ સુધરે. બીજી રીતે કહીએ તો ઓછા પ્રાણવાયુ (અર્થાત્ હાઈપોક્સિયા)ની સ્થિતિમાં શ્રમ કરવાની બુર્કના શરીરને તાલીમ અપાઈ. પર્વતો પર ઊંચાઈ વધે તેમ પ્રાણવાયુનું સ્તર ઘટતું હોય છે. આવા કૃત્રિમ વાતાવરણની એક ચેમ્બરમાં બુર્કના ઘરમાં ઊભી કરવામાં આવી, જેથી એ નિયમિત ટ્રેનિંગ લઈ શકે.

આ મહાપરિશ્રમના પરિપાક રૂપે ગઈ ૨૩ મેના રોજ કેમ્પ ચાર પરથી સાડા છ કલાકની સીધા ચઢાણ બાદ બુર્ક શિખર પર પહોંચ્યા. એમની સાથે જે નેપાળી શેરપર રાખ્યો હતો તે ૨૬ વરસથી પર્વતારોહકોને એવરેસ્ટ પર લઈ જવા અને લાવવાનું કામ કરે છે. એ કહે છે કે એની આટલાં વરસની કારકિર્દીમાં આટલાં મજબૂત મનોબળવાળી કોઈ વ્યક્તિ એણે જોઈ નથી. આ અદ્દભૂત આરોહણ દ્વારા કેન્સર સંશોધનો માટે બુર્કએ રૂપિયા સિતેર લાખ જેટલું ભંડોળ પણ એકત્ર કર્યું છે બુર્કે કહે છે કે હું લોકોને પ્રેરિત કરવા માગું છું. જો કોઈને કેન્સરનું નિદાન થાય તો એણે હતાશ થઈને બેસી જવાને બદલે એક પછી એક નવા લક્ષ્યાંકો નક્કી કરવા. શરીરને પ્રવૃત્ત રાખો. બુર્ક કહે છે કે મારા માટે એવરેસ્ટ સર કરવાનું લક્ષ્યાંક હતું. તમે તમારા માટે કોઈ પણ ગોલ નક્કી કરો અને તમારામાં શ્રદ્ધા અને આશા રાખો.

ચોથા સ્ટેજના કેન્સર સાથે એવરેસ્ટ આરોહણ કરનાર શૌન્ના બુર્ક પ્રથમ મહિલા છે. ગજબની માનસિક અને શારીરિક ક્ષમતાનો એમણે દુનિયાને પરિચય કરાવ્યો છે. સંસ્કૃતમાં શ્લોક છે કે પંગુમ લંઘયતે ગિરિમ્! પરંતુ શૌન્ના માત્ર પંગુ ન હતા, એમની પાસે જીવવા માટે દિવસો પણ ઓછા છે. જે શિખર સર કરવા માટે ફેફસાંમાં સૌથી વધુ તાકાત જોઈએ એ ફેફસાં લગભગ નકામાં બની ગયાં હતાં, છતાં ખાસ વ્યાયામ વડે એ ફેફસાંને એમણે મજબૂત બનાવ્યાં. છેલ્લા અહેવાલો પ્રમાણે એમણે લીવરની સર્જરી કરાવી છે. બંને સ્તન દૂર કરાવી નાખ્યા છે અને કીમોથેરપી ઉપરાંત રેડીએશનની સારવાર લીધી છે. એમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી રહી.

દુનિયામાં કેન્સરની સમજ અને સારવાર વિકસાવવામાં શૌન્ના બુર્ક એક માઈલનો પથ્થર પુરવાર થયાં છે. શારીરિક પ્રવૃત્તિ વડે કેન્સર સામે કેવી રીતે લડી શકાય છે તેનું એક જ્વલંત ઉદાહરણ એમણે પૂરું પાડ્યું છે. જ્યારે પોતે એક એક્સરસાઇઝ સાયકોલોજિસ્ટ છે ત્યારે એમનું આ યશસ્વી પરાક્રમ દુનિયા હંમેશા યાદ રાખશે.

ઈધર-ઉધરકી
**આરતી જેરથ**

## યુવા આંદોલનની વચ્ચે કોંગ્રેસ-SP નજીક આવ્યા?

દેશભરમાં યુવા વિરોધ પ્રદર્શનોએ અખબારોની સુર્ખીઓ મેળવી ત્યારે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ તરફ લગભગ કોઈનું ધ્યાન ન ગયું અને તે હતો વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ વચ્ચેની નવી ગાઢ મૈત્રી. ગયા અઠવાડિયે જ્યારે દેશભરમાં યુવા વિરોધ પ્રદર્શનો ચરમસીમા પર હતા, ત્યારે લોક કલ્યાણ માર્ગ પર વડાપ્રધાનના નિવાસસ્થાન બહાર રાહુલ ગાંધીના અચાનક યોજાયેલા ધરણામાં જોડાનારા 'ઇન્ડિયા' ગઠબંધનના એકમાત્ર બિન-કોંગ્રેસી નેતાઓ અખિલેશ યાદવ અને SPના કેટલાક સાંસદો હતા.



SPની આ હાજરી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને અખિલેશ યાદવ વચ્ચે યોજાયેલી એક બંધ બારણે બેઠક બાદ જોવા મળી છે, જેમાં તેમણે આગામી વર્ષે યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી જોડાણ પર મહોર મારી હતી. UP માટે SP-કોંગ્રેસ ગઠબંધન અટકેલું પડ્યું હતું, કારણ કે કોંગ્રેસ અખિલેશ યાદવ સાથે બેઠકોની વહેંચણીની બાબતે વાતચીત કરવામાં ઢીલ મૂકી રહી હતી. યુવા વિરોધ પ્રદર્શનોએ સરકાર અને ભાજપને બેકફૂટ પર ધકેલી દીધા બાદ તક ઝડપી લઈને, રાહુલ ગાંધીએ SP સાથે સમજૂતી આખરી કરવા માટે ઉતાવળ દાખવી હતી. આ સમજૂતી ધરણાના એક દિવસ પહેલાં સંસદ ભવનમાં યોજાયેલી એક શાંત બેઠકમાં થઈ હતી. તેમાં કોઈ મદદનીશો હાજર નહોતા, બંને પક્ષના મુખ્ય ઉત્તરપ્રદેશના નેતાઓ પણ નહીં. માનવામાં આવે છે કે ગાંધી ભાઈ-બહેને અખિલેશ યાદવને ખાતરી આપી છે કે UP ચૂંટણી તેમના નેતૃત્વ હેઠળ લડવામાં આવશે, ભાજપ સામે મુખ્ય વિરોધ પક્ષ તરીકે SP સૌથી વધુ બેઠકો પર ચૂંટણી લડશે અને ઇમરાન મસૂદ તથા પ્રમોદ તિવારી જેવા નેતાઓ કે જેઓ SP-વિરોધી નિવેદનો આપવાનો આનંદ લે છે, તેમને શાંત કરવામાં આવશે. બદલામાં, અખિલેશ યાદવે ગાંધી પરિવારને વચન આપ્યું હોવાનું મનાય છે કે તેઓ કોંગ્રેસને શક્ય તેટલી વધુ બેઠકો આપશે. ભાજપ માટે ઉત્તરપ્રદેશ જીતવું ખૂબ જ જરૂરી છે. ભાજપના રાષ્ટ્રીય રાજકીય વર્ચસ્વ માટે તે કેન્દ્રસ્થાને છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકસભા બેઠક વારાણસી પણ અહીં જ આવેલી છે. રાજ્યમાં સતત બે ટર્મથી સત્તામાં હોવા છતાં ભાજપ ચૂંટણી માટે મજબૂત સ્થિતિમાં છે, પરંતુ જો SP અને કોંગ્રેસ એકજૂથ રહે અને એકબીજાના વોટ ન કાપે, તો તેમનું ગઠબંધન ભાજપ માટે એક મોટો પડકાર ઊભો કરી શકે છે. ઉત્તરપ્રદેશ એ જ રાજ્ય છે જ્યાં 2024ની લોકસભા ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નબળું રહ્યું હતું અને તે પોતાના દમ પર બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું.

## વિવાદ બાદ CJI સૂર્યાકાંત જાહેર કાર્યક્રમોથી દૂર!

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યા કાંત, જેમણે બેરોજગાર યુવાનો અને કોકરોચ વચ્ચે કરેલી કમનસીબ સરખામણીને કારણે તાજેતરમાં દેશવ્યાપી



યુવા વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા, તેઓ આજકાલ જાહેરમાં ઓછું દેખાતા હોવાનું જણાય છે. તેઓ અદાલતમાં હાજર થઈ રહ્યા છે અને તેમનું સત્તાવાર કામ કરી રહ્યા છે, પરંતુ તેઓ જાહેર કાર્યક્રમોથી દૂર રહ્યા છે. ઉદાહરણ તરીકે, એવા અહેવાલો હતા કે તેઓ ૨૬ જુલાઈના રોજ જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટી લો સ્કૂલના પદવીદાન સમારોહમાં હાજરી આપશે, પરંતુ તેઓ ગયા નહોતા. વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીએ પદવી મેળવતા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. તેઓ ૨૮ જુલાઈના રોજ જસ્ટિસ એચ. આર. ખન્ના મેમોરિયલ લેક્ચરમાં પણ મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાના હતા. આ કાર્યક્રમ યોજાવાના માત્ર બે દિવસ પહેલાં જ મુલતવી રાખવામાં આવ્યો હતો. જોકે બાદમાં મુખ્ય ન્યાયાધીશે કોકરોચ વિશેની તેમની ટિપ્પણી અંગે સ્પષ્ટતા કરી હતી, પરંતુ તાજેતરના વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરનાર ઓનલાઇન 'કોકરોચ જનતા પાર્ટી'ની સ્થાપના પછી આ બાબત લોકોની સ્મૃતિમાં રહી ગઈ છે.

## પ્રિયંકા ગાંધીના પ્રહારોથી ભાજપ અસ્વસ્થ?

હાલમાં જ કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના આકર્ષક અને સંસદમાં વાત કરવાની તેમની મધુર શૈલી માટે વખાણ કર્યા પછી, ભાજપે તેમના પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. પ્રિયંકા ગાંધીએ સંસદમાં આપેલા તાજેતરના ભાષણમાં નવ-નિયુક્ત વચગાળાના શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી દ્વારા બિલ્કિસ બાનોના બળાત્કારીઓને ફૂલહાર પહેરાવવા માટે, તેમજ IIT મદ્રાસના ડિરેક્ટર અને પરીક્ષા લીક અંગેની નંદન નિલેકણી સમિતિના સભ્ય વી. કામકોટી દ્વારા પિશાચ/ગૌમૂત્ર ઉપચારના વખાણ કરવા બદલ તેમની આકરી ટીકા કરી હતી. ભાજપના પ્રવક્તા સંજુ વર્મા ખાસ કરીને ખૂબ આક્રમક રહ્યા હતા. તેમણે પોતાના પક્ષ



દ્વારા રાહુલ ગાંધી માટે વાપરવામાં આવતા ઉપનામનો ઉપયોગ કરીને પ્રિયંકાને 'પપ્પુનું વર્ઝન 2.0' તરીકે સરખાવ્યા હતા. પક્ષના આઇટી સેલના વડા અમિત માલવિયાએ પણ પ્રિયંકા વાડ્રાની ટીકા કરતી વખતે 'પપ્પુ' વિશેષણનો ઉપયોગ કર્યો હતો. સ્પષ્ટપણે, કોંગ્રેસના આ સાંસદે ભાજપને બરાબરની ઘેરી લીધી છે (અથવા ભાજપને અસ્વસ્થ કરી દીધી છે).

# કમાણીમાં ભલીવાર લાગતી નથી, આડાઅવળા ધંધા તો કરતો નથી ને?

ક્રાઈમ કોડ
**પ્રફુલ શાહ**

પોલીસની કમરતોડ, ભૂખ ભગાવ, ઊંઘ ચોર અને શાંતિ આંચકી લેતી સતત સાવચેતી વચ્ચે આહવામાં ત્રણ દિવસની ડાંગ દરબારની ઉજવણી કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના વિના રંગેચંગે પાર પડી ગઈ. બાહ્ય શાંતિ અને હાશકારાના પરિણામ વચ્ચેના આ સમય દરમિયાન સામ, દામ, દંડ અને ભેદના તમામ શસ્ત્રો અજમાવવા છતાં પોલીસને ડોક્યુમેન્ટરી ફિલ્મના નિર્માતા અને દિગ્દર્શક રાજેશ પંચમિયા, સિનેમેટોગ્રાફર કૃતિ બચીબેન કે ચંદુ પાસેથી સમ ખાવા પૂરતી પણ કામની કોઈ માહિતી કે સગડ મળી નહોતી. ચિંચલી પાસેની ખીણમાંથી મળેલી લાશ ડોક્યુમેન્ટરી ફિલ્મના આસિસ્ટન્ટ ડિરેક્ટર કમ પ્રોડક્શન કન્ટ્રોલર માઈકલ ડી'કોસ્ટાની જ હોવાનું સમર્થન મળી ગયું હતું. પરંતુ એ ખીણમાં પોતે કૂદી પડ્યો હતો કે કોઈએ ધક્કો માર્યો હતો? જો કોઈએ ધક્કો માર્યો હોય તો કોણે? શા માટે? અને માઈકલના મોતને આતંકવાદી ધમકી સાથે કોઈ સંબંધ હતો ખરો? આ બધા સવાલો જવાબ વિના તરફડી રહ્યા હતા. સ્થાનિક રખડું અને ડોક્યુમેન્ટરી ફિલ્મનો લોકલ સપોર્ટ ભુરો ભીલ હજી પણ લાપતા હતો. હા, સમ ખાવા પૂરતું એક માત્ર આશ્વાસન મજીદના કેસમાં હતું. તેની પાસેથી ઈસ્લામના પ્રચાર, હિન્દુદ્વેષ અને જેહાદની વાહવાહી કરતાં ફરફરિયાં મળ્યાં હતાં. પોતાને મુંબઈમાં એક મૌલાનાએ આ



સામગ્રી આપી હોવાનું તેણે ઝડપભેર કબૂલ પણ કરી લીધું હતું. પરંતુ મુંબઈમાં કરાવાયેલી તપાસમાં એ મૌલાના ક્યાંક રફુચક્કર થઈ ગયાનું બહાર આવ્યું. પોલીસની આ આકરી દોડધામ વચ્ચે સેબાસ્ટિયન ગોન્સાલવિસ

**એ ખીણમાં પોતે કૂદી પડ્યો હતો કે કોઈએ ધક્કો માર્યો હતો? જો કોઈએ ધક્કો માર્યો હોય તો કોણે? શા માટે? અને માઈકલના મોતને આતંકવાદી ધમકી સાથે કોઈ સંબંધ હતો ખરો?**

ઉર્ફે સબા રોજ સવાર, બપોર અને સાંજે ચિંચલી પોલીસ સ્ટેશન પહોંચી જતો હતો. એ હવાલદાર સામે કરગરતો, રડતો, ગુસ્સો કરતો અને એકના એક સવાલો પૂછતો રહેતો–'મારી આયેશા મળી? એના કોઈ વાવડ મળ્યા? પોલીસને કંઈક તો જાણવા મળ્યું હશે ને?' જવાબ ન મળે એટલે એ ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નિરવ ત્રિવેદીને મળવા દેવાની જીદ કરતો. એ ઈચ્છા પૂરી ન થાય તો આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા સાથે વાત કરાવવા આજીજી કરવા માંડતો. એને સમજાવી-મનાવી ઘરે પાછો મોકલવામાં હવાલદાર હાંફી ગયો હતો. પરંતુ કોઈ જાણતું નહોતું કે નજીકના ઝાડ પાછળથી સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબાના પોલીસ સ્ટેશનના એકેએક આંટાફેરા અને હરકતોનું સતત વીડિયો રેકોર્ડિંગ થઈ રહ્યું હતું. આ બધાથી સાવ અજાણ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા, ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નિરવ ત્રિવેદી અને લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ ચર્ચામાં ગળાડૂબ હતા. ચર્ચાનો મુદ્દો હતો– આતંકવાદી ધમકીની તપાસમાં ક્યાંક કોઈ દિશા, સંકેત કે કડી ચૂકી તો નથી ગયા ને? કોઈ સામે દેખાતી ચીજ, શક્યતા, અણસાર કે વ્યક્તિ ધ્યાન બહાર તો રહી ગઈ નથી ને?

એ ત્રણેયની વાતચીતમાં ખલેલ પહોંચાડી કાવ્યા રાણાના આગમને.

હાથમાંનો મોબાઈલ ફોન ટીવીના સ્ટેન્ડની બાજુમાં મૂકીને પુષ્કર્ણાને સેલ્યુટ મારી એ બોલી, 'સર, આ કૃતિ બચીબેન જરાય સહકાર આપતી નથી. એક જ રાગ આલાપે છે કે મારે તારા જેવી જુનિયર સાથે વાત જ કરવી નથી.' પુષ્કર્ણા હસ્યા.

'ઠીક છે. તમે સિનિયર થઈ જાઓ પછી પૂછપરછ કરજો.' 'થેન્ક યુ, સર. આજે હવે મને ઘરે જવાની રજા છે?' 'એનીથિંગ અર્જન્ટ?' કાવ્યાએ નીચું જોઈ ધીમેથી કહ્યું, 'લેડીઝ પ્રોબ્લેમ, સર. આખું શરીર તૂટે છે, ભયંકર માથું દુખે છે અને...' 'ઓકે... ઓકે... યુ મે ગો.' હળવેકથી સેલ્યુટ મારીને 'થેન્ક યુ... થેન્ક યુ વેરી મચ' કહી કાવ્યા બહાર નીકળી ગઈ. પરંતુ તેનો મોબાઈલ ફોન અંદર રહી ગયો... કે પછી જાણીજોઈને મૂકી ગઈ? પોલીસ હેડક્વાર્ટરમાંથી કાવ્યા રાણા બાઈક પર નીકળી પડી. ખાસ્સું અંતર કાપ્યા પછી એક પાનના ગલ્લા પાસે ઊભી રહી. દુકાનના માલિક સામે જોઈને બોલી, 'એ છોકરા, જરા તારો મોબાઈલ આપ. એક ફોન કરવો છે.' નવોસવો આઈફોન આપવાનું મન તો નહોતું, પણ પોલીસને ના કેમ પડાય? કાવ્યાએ એક નંબર ડાયલ કર્યો.

'આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા બોલું છું... દસ મિનિટમાં મળ મને... હા... હા... હા... ખાતરી રાખ... ભલે.'

ફોન પૂરો થતાં જ તેણે ડાયલ કરેલો નંબર ડિલીટ કરી નાખ્યો. એ મોબાઈલ સાથે જ બાઈક પર બેસી ગઈ. દુકાનવાળા છોકરાના તો મોતિયા મરી ગયા.

એ માંડ બોલ્યો, 'મેડમ... મારો ફોન...'

મોબાઈલ સામે જોઈને કાવ્યા બોલી, 'કમાણીમાં તો ઝાઝી ભલીવાર લાગતી નથી. કોઈ આડાઅવળા ધંધા તો કરતો નથી ને?'

**અતા-પતા-લાપતા -14**

છોકરાએ હાથ જોડ્યા. 'ના... ના મેડમ. ગિફ્ટ છે. મોટા ભાઈએ દુબઈથી મોકલ્યો છે.' કંઈ બોલ્યા વિના કાવ્યાએ ફોન એની તરફ ફેંક્યો અને બાઈક હંકારી મૂકી.

માંડમાંડ મોબાઈલ ઝીલતા છોકરાના મોઢામાંથી ભુંડી ગાળ નીકળી ગઈ.

•••

મોડી રાત્રે ઘરે પહોંચીને સુરેન્દ્ર પુષ્કર્ણાએ ભયંકર થાકને કારણે એક ગ્લાસ હુંફાળું દૂધ પીધું. શરીરના દુખાવા માટે એક પેઈનકિલર ટેબ્લેટ લીધી. મોબાઈલ ફોન સાઈલન્ટ મોડ પર મૂકી દીધો. આડા પડીને છેલ્લા ત્રણ દિવસની ઘટનાઓ અને બધાની કાળી મજૂરી વિશે વિચારતા-વિચારતા પંદર મિનિટમાં જ તેમને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. તેમના મોબાઈલ પર ચાર-પાંચ વાર ફોન આવ્યા.

અત્યારે બહુ અનિવાર્ય એવી મીઠી નિંદ્રામાં પોઢેલા પુષ્કર્ણાને ક્યાંથી જાણ હોય કે આ મોટા તોફાન પહેલાંની અલ્પજીવી નિરાંત હતી? આવતી કાલનો દિવસ તેમને લાંબા સમય સુધી યાદ રહેવાનો હતો.

(ક્રમશઃ)

**સટ્ટાક** — **કમલ**

